ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

# નવા સેકટરમાં રખડતા ઢોર પકડવાની ઝુંબેશ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના માર્ગોપર રખડતા ઢોરનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની જવા પામ્યો છે. માર્ગ વચાળે ગમે ત્યારે આવી જતા ઢોર અકસ્માત નોંતરે છે. ગાંધીનગર મહાનગર પાલિકા તંત્રની ઢોર પકડ પાર્ટી દ્વારા નગરના માર્ગો પર રખડતા ઢોરને પુરી પાંજરાપોળમાં મુકવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.શહેરના નવા સેકટરોમાં તંત્ર દ્વારા ઝુંબેશ ચાલી રહી છે જેના ભાગ રુપે આજે નવા સેકટરોમાંથી ૧૦ થી વધુ ઢોર પકડી પાંજરે પુરવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેરના ગંદકી, દબાણ, રખડતા ઢોર આ ત્રણ મુખ્ય પ્રશ્નો છે.જેને પગલે તંત્રના અધિકારીઓ પણ માથા ખંજવાળતા નજરે પડે છે. શહેરીજનો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા યોગ્ય ઉકેલ આજ દિન સુધી આવી શક્યો નથી. ત્યારે ગાંધીનગર મહાનગર તંત્ર દ્વારા ઢોર પકડ પાર્ટી તૈયાર કરાઈ છે. શહેરના માર્ગો તેમજ સેકટરોમાંથી રખડતો ઢોર પકડી પાડીને ઢોર ડબામાં મુકવામાં આવે છે. ત્યાંથી ઢોર માલિક રૂપીયા ભરીને છોડાવી જાય છે. ઢોર પકડ પાર્ટી પર કેટલાક શખ્સો દ્વારા હુમલો કરીને ઢોર છોડાવી જવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. તાજેતરમાં શહેરના જુના સેકટરોમાંથી ઢોર પકડીને લઈ જતા હતા તે દરમિયાન માણસોના ટોળાએ ધસી આવીને ઢોર છોડાવી ગયા હતા. જેને પગલે તંત્ર સજાગ થઈ ગયું છે અને બંદોબસ્ત હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. રખડતા ઢોર શહેરના માર્ગો પર ગમે ત્યારે માર્ગ વચાળે આવી જતા અકસ્માત નોંતરે છે જેમાં નાગરીકો તેમજ પશુ બંન્ને ઘાયલ થાય છે. રખડતા ઢોર સ્વર્ણીમ પાર્ક તેમજ નગરના બગીચામાં પણ નજરે પડે છે. પાલિકાની ટીમ દ્વારા નવા સેકટરોમાંથી રખડતા ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આજે સેકટર-૬,૭ સહિતના વિસ્તારમાંથી ૧૦ જેટલા રખડતા ઢોર મળી આવ્યા હતા જેને પકડીને કર્મચારીઓએ ડબ્બામાં પુર્યા હતા. ઢોર ડબ્બામાંથી સરકારી ચાર્જ ભરીને માલિકો પોતાના ઢોર છોડાવી જાય છે. ત્યારે નગરમાંથી રખડતા ઢોરનો ત્રાસ ઓછો થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.



## શૈક્ષણિક સંસ્થાઓમાં સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિનું આયોજન કરો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા જિલ્લાની સરકારી બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક શાળાઓને નવા શૈક્ષણિક વર્ષના આયોજનમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિનું આયોજન કરવા અપીલ કરવામાં આવી છે. જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનર રતિલાલ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે બાળકોમા સંયમ, શિસ્ત, સદાચાર અને સેવાભાવના સહિત સંસ્કારોનું ઘડતર કરવા માટે સ્કાઉટ ગાઈડ ઉત્તમ પ્રવૃત્તિ છે. જીવન ઘડતરના મહ્ત્વના પાયા સમાન ચારિત્ર્ય, સંસ્કાર, દેશપ્રેમ અને સેવાશ્રયની બની બાળકો પ્રગતિના સોપાન સર કરે છે તેથી આ પ્રવૃત્તિના આયોજનમાં સહભાગી થવા સંસ્થાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની માસિક બેઠક તા. ૧૦-૬-૨૦૧૭ના રોજ સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં દલિતોને સ્પર્શતા સામાજિક બનાવ અંગે સભ્યો સાથે ચર્ચા કરી અને તે અંગે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તથા કાનુની જ્ઞાનગોષ્ઠિ તા. ૨૯-૬-૨૦૧૭ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨-ગાંધીનગરમાં બપોરે ૩.૦૦ કલાકે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું અને તે અંગેની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ડૉ. અમૃતભાઈ સોલંકીએ બેઠકની વ્યવસ્થા કરવા બદલ જયેશભાઈ પરમારનો સંસ્થા વતી આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર બેઠકનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.



ગાંધીનગરના સેકટર-૮માં આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા) ખાતે સમર્પણ ધ્યાન યોગ પરિવારના સહકારથી ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯થી ૧૧ જુન દરમિયાન યોજાયેલ ધ્યાન-યોગ શિબિરમાં લલિતભાઈ મકવાણાએ વિદ્યાર્થીનીઓને આસનો તથા પ્રાણાયામની તાલીમ પુરી પાડી હતી. શિબિરના આયોજન માટે ડૉ.દિપ્તી લેઉવા, ધનજીભાઈ જેઠવા, વિલાસબેન પરમાર, મિહિર રાઠોડ તથા જાગૃતિ અટારાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. શિબિરના અંતે આચાર્યા કુસુમબેન ચૌહાણ તથા વોર્ડ નં. ગંગાબહેન પરમારે સમર્પણ ધ્યાન યોગ પરિવાર પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.

# વગર વ્યાજની લોનની લાલચ આપી દોઢ લાખની છેતરપીંડી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની એક સોસાયટીમાં રહેતી મહિલાને વગર વ્યાજની લોન આપવાની ફોન પર લાલચ આપી કોઈ શખ્સે દોઢ લાખનો ચુનો લગાવી દીધો હોવાની ઘટના સેકટર-૭ પોલિસ મથકના ચોપડે નોંધાવા પામી છે. મહિલાએ ફોન પર વાત કરનાર અમન માથુર નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વાવોલ નિલકંઠ વિલા સોસાયટીમાં રહેતા કૈલાશબેન રાકેશભાઈ પટેલને માર્ચ મહિનામાં એક મોબાઈલ નંબર પરથી અમન માથુર નામના શખ્સનો ફોન આવ્યો હતો. રીલાયન્સ કેપીટલમાંથી વગર વ્યાજની લોન અપાવી દેવાની કૈલાશબેનને લાલચ આપતા તેઓ લોન સેવા સંમંત થઈ ગયા હતા. ફોન પર વિશ્વાસ જીતી પ્રોસેસીંગ ફીના બહાને તે શખ્સે તબક્કાવાર રૂ. ૯૬ હજાર અને રૂ.૫૦ હજાર મળીને એક બેંક એકાઉન્ટમાં રૂ. ૧.૪૬ લાખ જમા કરાવડાવ્યા હતા. કૈલાશબેને રૂપિયા જમા કરાવ્યા બાદ ૧૨ એપ્રિલથી તે શખ્સનો મોબાઈલ નંબર બંધ થઈ ગયો છે. દોઢ લાખનો ચુનો ચોપડી તે શખ્સે મોબાઈલ બંધ કરી દેતા કૈલાશબેને સે-૭ પોલિસ મથકમાં વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ આપતા પોલિસે ગુન નોંધી વધુ તપાસ આરંભી છે.

## રાયપુર કેનાલમાંથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૩

ડભોડા નજીક આવેલા રાયપુર ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારે એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૩૦ વર્ષીય અજાણ્યા યુવાને કોઈ કારણોસર કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાની શંકાએ ડભોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. મૃતકની પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી ન આવતા આસપાસના વિસ્તારમાંથી લાપતા યુવાનોની યાદી મેળવી ઓળખ માટે ડભોડા પોલિસે તજવીજ શરુ કરી છે.



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ ભ્રાતા શંભુજી ઠાકોર અને ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ એજન્સીના ચેરમેન ભ્રાતા આશિષભાઈ દવે એ ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નવનિર્મિત જગદંબા ભવનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. જ્યાં તેમનું બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.રંજનબેન તથા બ્રહ્માકુમારીઝ ચિલોડા સેવા કેન્દ્ર સંચાલિકા બી.કે. તારાબેન અને બી.કે. અંબિકાબેન દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. પરમાત્માના પરિચય સાથે સાથે તેમને વિદ્યાલયની ગતિવિધીથી અવગત કરવામાં આવ્યા હતા અને તેમને બ્રહ્માકુમારી સેક્ટર-૨૮, ગાંધીનગર સેવા કેન્દ્રના સંચાલિકા આદરણીય રાજયોગિની કૈલાશ દીદીજી વતી સંસ્થાના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુની મુલાકાત લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. પરિસરના આધ્યાત્મિક વાતાવરણથી પ્રભાવિત થઈ પુનઃ મુલાકાતે આવવાની ઈચ્છા પણ જાહેર કરી હતી.

# સરઢવ દૂધ મંડળીના પૂર્વ ચેરમેન અને મંત્રી સામે છેતરપીંડીની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૩

સરઢવ દૂધ સહકારી મંડળીના પૂર્વ ચેરમેન અને મંત્રી સામે રૂ. ૭૧.૬૩ લાખની છેતરપીંડી અંગે પેથાપુર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. પોલિસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ દર મહિને પશુ આહારની લે-વેચના હિસાબમાં ગોટાળા કરી ખોટા રેકર્ડ ઉભા કરી દર મહિને ૬ થી ૭ લાખની છેતરપીંડી આ બંને દ્વારા કરવામાં આવી હતી. પેથાપુર પોલિસે મંડળીના પ્રમુખની ફરિયાદને આધારે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

**ખોટા રેકર્ડ ઉભા કરી મંડળીમાંથી રૂ. ૭૧.૬૩ લાખની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ**

સરઢવ સહકારી દૂધ મંડળીના પ્રમુખ ગીરીષભાઈ અમરતલાલ પટેલે પેથાપુર પોલિસ મથકમાં જુની બોડીના બે હોદ્દેદારો સામે ફરિયાદ નોંધાવી છે. મંત્રી ચંદ્રકાન્તભાઈ ભીખાભાઈ પટેલ અને પૂર્વ ચેરમેન અંબાલાલ પ્રહલાદભાઈ પટેલ બંનેએ રેકર્ડમાં ખોટા હિસાબો દર્શાવી ૧ એપ્રિલ ૨૦૧૪થી ૩૧ માર્ચ ૨૦૧૫ સુધીના નાણાંકીય વર્ષ દરમિયાન રૂ. ૭૧.૬૩ લાખની છેતરપીંડી આચરી હોવાનું ઓડીટમાં બહાર આવ્યું છે. ખોટા દસ્તાવેજો બનાવી ખોટું રેકર્ડ ઉભું કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી રૂ. ૭૧.૬૩ લાખની છેતરપીંડી એક વર્ષમાં કરી હોવાનું ઓડીટ દરમિયાન બહાર આવતા પ્રમુખે પોલિસ ફરિયાદ નોંધાવી છે. મતલબ કે દર મહિને આ બંને શખ્સો ૬ થી ૭ લાખની છેતરપીંડી કરી નાંખતા હતા. મળતી વિગત મુજબ પશુ આહારની લે વેચના હિસાબોમાં સૌથી વધુ ગોટાળા કરવામાં આવ્યા છે. પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈએ ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## રંગ અવધૂત પરિવાર દ્વારા નારેશ્વર-કાયાવરણ દર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના શ્રી રંગ અવધૂત પરિવાર સેવાસદન નારેશ્વરના ઉપક્રમે પાટનગર ત્રિમૂર્તિ દત્ત મંદિરથી તા. ૨જી જુલાઈ રવિવારના રોજ સવારે ૫.૦૦ કલાકે નારેશ્વર-કાયાવરણ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દર્શનનો જે રંગ ભક્તોને લાભ લેવો હોય તેમણે સે-૨૮માં ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**પ્રજ્ઞેશ રાવલ**
**સરકારી કર્મચારી**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છતા, હરિયાળી, મોકળાશ અને દેશનાં અન્ય શહેરો કરતાં રહેવા માટે અદકેરું હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત અને સૂલઝેલા, અન્યોને માર્ગદર્શન આપવા સક્ષમ, સેવાભાવી નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગરમાં અનેક પ્રકારની સંસ્થાઓ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. એ પૈકી ખાસ કરીને સેવાકીય પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું ને એ માટે સૌ કર્તાઓને દિલથી સલામ કરું છું.

**નગરને બહેતર બનાવવા**

નગરનાં રોજિંદાં કાર્યોમાં નગરજનોનો પણ સક્રિય સહયોગ લેવામાં આવે તો ગાંધીનગર બહેતર બની શકે એવું હું માનું છું.

**નગર માટે હું કરી શકું**

કારકિર્દી માર્ગદર્શન અને વ્યક્તિવિકાસ જેવા ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા માટે હું તૈયાર છું.

# આવતીકાલે ઉર્જા ફુટબોલ કપનું સમાપન

**મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપરાંત ક્રિકેટર પાર્થિવ પટેલ ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૫માં સાઈ સ્ટેડિયમ ખાતે ચાલી રહેલ અન્ડર-૧૯ ઉર્જા ફુટબોલ ટૂર્નામેન્ટનું તા. ૧૫મી જુન ગુરુવારે સાંજે ૬.૩૦ કલાક સમાપન થશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા અતિથિ વિશેષ પદે સીઆઈએસએફના ડાયરેકટર જનરલ ઓ.પી. સીંઘ, ગુજરાત ક્રિકેટ ટીમના કપ્તાન પાર્થિવ પટેલ તથા ઉર્જા કપના બ્રાન્ડ એમ્બેસેડર ધર્મેશ પટેલ ઉપસ્થિત રહેશે.

દેશમાં વિવિધ રમતો પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુથી સરકાર દ્વારા પ્રોત્સાહક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતમાં ફુટબોલની રમતનો વ્યાપ વધે અને યુવાનોની રૂચિ વધવા સાથે ફુટબોલની લોકપ્રિયતામાં વધારો થાય તેમજ આ રમત માટે દેશભરમાં રહેલી છુપી પ્રતિભાઓ બહાર આવે તે હેતુથી ઉર્જા ફુટબોલ કપનો પ્રારંભ કરાયો છે. ઉર્જા ફુટબોલ કપના ફેઝ-૧માં બીએસએફ દ્વારા આયોજન કરાયું હતું તથા ફેઝ-૨માં અન્ડર-૧૯ ઉર્જા કપનું આયોજન સીઆઈએફએસ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સેકટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મેદાનમાં યોજાયેલ આ ટૂર્નામેન્ટનું ઉદઘાટન ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉર્જા કપનું સમાપન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે યોજાશે. આ પ્રસંગે સીઆઈએસએફના ડીજી ઓ.પી.સિંઘ તથા ભારતીય ક્રિકેટર તથા ગુજરાત ક્રિકેટ ટીમના કપ્તાન પાર્થિવ પટેલ અને ઉર્જા કપના બ્રાન્ડ એમ્બેસેડર ધર્મેશ પટેલ પણ ઉપસ્થિત રહેશે.



ગાંધીનગર સેકટર-૭-એ ખાતે આવેલ રણછોડજી મંદિર ખાતે જેઠ સુદ-૧૫ તા. ૯-૬-૧૭ (સ્નાનયાત્રા)ના રોજ શ્રીજીને ચંદનના શ્રૃંગાર કરી કેરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રણછોડજીને હજારોની સંખ્યામાં કેરીનો થાળ ધરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ગાંધીનગરની ધર્મપ્રમી જનતા-વૈષ્ણવ સમુદાયે દર્શનનો લાભ લીધો હતો.

## દેવકરણના મુવાડામાં ૧૦૪ પેકેટ ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

શ્રી ગજાનન સેવા સમિતિ ગાંધીનગર દ્વારા દહેગામ તાલુકામાં દેવકરણ મુવાડામાં તથા ભેટાઈમાં ૧૦૪ વૃદ્ધોને ૩ કી.ગ્રા. ચોખાનું વિતરણ કર્યું હતું.

શનિવારે સવારે ૧૧ કલાકે ત્યાંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મિલિંદભાઈ, ભીમભાઈ, યોગેશભાઈ તથા જનાર્દન ઠક્કર દ્વારા કાર્ય પાર પાડવામાં આવ્યું હતું. ત્યાંના ડૉ. અતુલ પણ સાથે હતા.

# રકતદાન કરીએ, જીવન બચાવીએ

**સરકાર તથા શૈક્ષણિક સંસ્થાઓએ રકતદાનની પ્રવૃત્તિને વેગ આપવા સઘન પ્રયત્નો હાથ ધરવા જરુરી**

ગાંધીનગર, તા.૧૩

આવતી કાલે તા. ૧૪મી જુન રકતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજના માહિતિના વિસ્ફોટના યુગમાં પણ રકતદાન જેવી અગત્યની બાબતે ઘણી બધી ગેરસમજો સમાજમાં પ્રવર્તે છે જેના કારણે સરેરાશ રકતની જરૂરિયાત કરતા ઓછા જથ્થામાં રકતનો પુરવઠો પ્રાપ્ત થાય છે. રકતદાતા દિવસે જરુરી છે સરકારના આરોગ્ય વિભાગ તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા રકતદાન પ્રત્યે શકય હોય તેટલી જાગૃતિ ફેલાવી વધુને વધુ રકતદાન થાય તે માટે ખાસ કરીને યુવા વર્ગને પ્રોત્સાહિત કરવામાં આવે.

‘રકત’ એ ઈશ્વરે સર્જેલ એક અજોડ સર્જન છે. જેના સંચાર થકી તમામ જીવોની જીવાદોરી ચાલે છે. રકત ફકત માનવ શરીરમાં જ પેદા થાયછે તેનો કોઈ ફેકટરી કે લેબોરેટરીમાં બનાવી શકાતું નથી. આથી રકતની જરૂરિયાત વાળા દર્દીને માત્ર અને માત્ર રકતદાતા દ્વારા કરાયેલ રકતદાન જ બચાવી શકે છે. આજના યુગમાં અકસ્માતોનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યું છે તથા કેન્સર, એચઆઈવી, થેલેસેમિયા તથા કિડની વગેરેના રોગોનું પ્રમાણ પણ વધતું જાય છે જેના કારણે રકતના પુરવઠાની માંગમાં વધારો થતો જાય છે. બીજી તરફ રકતદાનથી શરીરમાં કમજોરી આવે છે જેવી અનેક પ્રકારની ગેરસમજોના કારણે નાગરિકોનો મોટો ભાગ રકતદાનથી વિમુખ રહે છે. જેથી રકતની ખેંચ વર્તાય છે. આ સમસ્યાનો હલ એ છે કે વધુને વધુ નાગરિકો રકતદાન કરવા પ્રેરાય અને શકય હોય તેટલા વધુ રકતદાન શિબિરો યોજાય.

**આજે રકતદાતા દિવસ**

સ્વૈચ્છિક સંસ્થાઓ, તબીબી સંસ્થાઓ, આરોગ્ય વિષયક સંસ્થાઓ તથા સરકારી અને કેટલીક ખાનગી સંસ્થાઓ દ્વારા પણ હવે રકતદાનનું મહત્વ સમજી રકતદાન શિબિરના આયોજન હાથ ધરાય છે. જો કે રકતદાતા હજુ પણ પોતે કરેલા રકતદાનના બદલામાં જયારે તેના પરિવારને કે તેના સ્નેહીજનને રકતની જરૂર પડે ત્યારે વિના મૂલ્યે રકત મળી રહે તેવો આગ્રહ રાખે છે. પરંતુ તે ‘યોગ્ય’ બાબત નથી. એક તો તમે રકતનું ‘દાન’ કર્યું છે અને વળી રકતદાન મેળવાયા બાદ તેને એચઆઈવી, હીપેટાઈટીસ બી, મેલેરિયા જેવા વાઈરસથી મુકત કરવા પ્રોસેસ કરવી પડે છે તેમજ તેનો યોગ્ય રીતે સંગ્રહ કરવો પડે છે જેનો ખર્ચ લાગુ પડતો હોય છે તેથી રકતદાનની સામે મફતમાં રકત માગવું તે યોગ્ય બાબત નથી. રકતદાતાએ રકતદાનમાં આપેલું લોહી ફરીથી માનવ શરીરમાં માત્ર ૨૧ દિવસમાં બની જાય છે જેથી કોઈ નુકશાન થતું નથી પરંતુ રકતનું સર્કયુલેશન સારી રીતે થતા સ્વાસ્થ્ય સુધરે છે. આથી ૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ સ્વસ્થ વ્યકિત જેનું વજન ૫૦ કિગ્રાથી વધુ હોય તેમણે નિયમિત ત્રણ માસના અંતરે રકતદાન કરવું જોઈએ. વળી સરકારે તથા શૈક્ષણિક સંસ્થાઓએ પણ રકતદાનની પ્રવૃત્તિને વધુને વધુ વેગ મળે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવા જોઈએ આખરે એકવારનું રકતદાન ત્રણ જીંદગી બચાવી શકે છે તેથી રકતદાન એ જ મહાદાન છે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ બ્રિજકુમાર પરેશભાઈ, ઉ.વ. ૧૧
- સ્વ. દંતાણી મણાભાઈ સુરાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. રાઠોડ ગંગાબેન શંકરભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર અમરતજી છનાજી, ઉ.વ. ૫૫
- સ્વ. વાઘેલા શંકરભાઈ કોદરભાઈ,ઉ.વ. ૮૧